# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ઓપરેશન શિલ્ડ અંતર્ગત આજે બનાસકાંઠા, અમદાવાદ, જામનગર અને ગાંધીનગર સહિતના જિલ્લામાં સિવિલ ડિફેન્સ મોકડ્રીલ યોજાશે.**
2. **વરસાદી પાણીના સંગ્રહ અને તેને ભૂગર્ભમાં રિચાર્જ કરીને જળસંકટમાંથી મુક્ત બનવા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટિલે નાગરિકોને અપીલ કરી.**
3. **રાજ્યમાં કોરોનાના 265 સંક્રમિત કેસમાંથી અગિયાર દર્દીઓ હોસ્પિટલમાં જ્યારે બાકીના હોમ આઇસોલેશનમાં સારવાર હેઠળ.**
4. **છેલ્લા ચોવિસ કલાકમાં રાજ્યમાં અપમૃત્યુને કારણે પાંચ લોકોના મોત.**
5. **એલિમિનેટર રાઉન્ડમાં મુંબઇ ઇન્ડિયન્સ સામે ગુજરાત ટાઇટન્સનો પરાજય થતા ગુજરાત સ્પર્ધામાંથી બહાર ફેંકાયુ.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# OPERATION SHIELD

આજે બનાસકાંઠા , અમદાવાદ, જામનગર, ડાંગ અને ગાંધીનગર સહિતના જિલ્લામાં "ઓપરેશન શિલ્ડ" અંતર્ગત મોકડ્રીલ યોજાશે.

બનાસકાંઠા જિલ્લાના વાવ-સુઈગામ વિસ્તારના તમામ ગામડાઓમાં રાત્રે 7.45 થી 8.15 સુધી બ્લેક આઉટ કરાશે. જ્યારે જામનગર જિલ્લામાં રાત્રે 8 થી 8.30 કલાક દરમિયાન બ્લેક આઉટ રહેશે. અમદાવાદ શહેરમાં શાહીબાગ કેન્ટોનમેન્ટ ખાતે, જ્યારે વીરમગામમાં પોલીસ લાઇન ખાતે મોકડ્રીલ યોજાશે . આ બંને સ્થળે આજે સાંજે પાંચ વાગ્યાથી જુદી જુદી છ પ્રકારની પ્રવૃતિનો અભ્યાસ કરાશે. આ બંને સ્થળે રાત્રે 7.45 વાગ્યાથી બ્લેકઆઉટ રહેશે. આ અંગે અધિક કલેક્ટર યોગેશ ઠક્કર માહિતી આપી.

## (બાઈટ – યોગેશ ઠક્કર,અધિક કલેક્ટર)

ડાંગ જિલ્લાના આહવામાં રાત્રે 8 થી 8.30 કલાક દરમિયાન બ્લેક આઉટ રહેશે. ગાંધીનગર તાલુકાના લેકાવાડા ખાતે પણ રાત્રે 8 થી 8.30 કલાક સુધી બ્લેકઆઉટ માટે સ્વેચ્છાએ સંપૂર્ણ વીજળી બંધ કરવા તંત્રએ અપીલ કરી છે.

---

# BK C R PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે વરસાદી પાણીનો સંગ્રહ કરવાની લોકોને અપીલ કરી છે.. બનાસકાંઠા ખાતે આયોજીત એક કાર્યક્રમમાં બોલતા

તેમણે કેચ ધ રેઇન અભિયાન અંતર્ગત વરસાદનું પાણી સંગ્રહ કરીને ભૂગર્ભ જળમાં પાણીને ફરીથી સંગ્રહ કરવાની અપીલ કરી છે.

તેમણે કહ્યું હતું કે ડેમ બનાવવામાં સમય અને નાણાનો ખર્ચ થાય છે જ્યારે વરસાદી પાણીનો સંગ્રહ અને તેને ભૂગર્ભમાં ઉતારવાનું સરળ અને સસ્તુ છે. તેમણે કહ્યું હતું કે બનાસાંઠાને પાણી માટેના ડાર્કઝોનમાંથી બહાર લાવવા માટેનું અભિયાન ચાલી રહ્યું છે..

## બાઇટ- સી.આર.પાટીલ

---

## COVID 19 CASES

રાજ્યમાં ગઈકાલ સાંજ સુધીમાં કોરોનાના 68 કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં સક્રિય કેસની સંખ્યા 265 થઈ છે. જેમાં 11 દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે બાકીના હોમ આઇસોલેશન હેઠળ છે. અત્યાર સુધીમાં 26 દર્દી સ્વસ્થ થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

અમારાં વલસાડના પ્રતિનિધી જણાવે છે કે જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજમાં ત્રણ રેસિડેન્ટ ડોક્ટરોના કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગે કોલેજ અને આસપાસના વિસ્તારને અસરગ્રસ્ત જાહેર કરીને સઘન સર્વેલન્સ અને કોન્ટેક્ટ ટ્રેસિંગની કામગીરી શરૂ કરી છે.

---

# WEATHER

દક્ષિણ ભારતમાં સર્જાયેલી સિસ્ટમ મંદ પડતા રાજ્યમાં વરસાદનું આગમન સમય કરતા વહેલા થવાની શક્યતા નહિવત બની છે. અગાઉ રાજ્યમાં ચોમાસુ વહેલુ આવી તેવી શક્યતા હતી . જ્યારે આગામી સાત દિવસની આગાહી કરતાં હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું કે હવે વરસાદનુ જોર ઘટવાને કારણે આજથી તાપમાનનો પારો ઉંચો જઇ શકે છે.. ઉત્તર - પૂર્વ અને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વીજળીના કડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## (બાઇટ- ડૉ.એ.કે.દાસ)

હવામાન વિભાગે માછીમારોને પહેલી જૂન સુધી દરિયો ન ખેડવા સૂચના આપી છે.

---

# ACCIDENT- DUBYA DEATH

રાજ્યમાં માર્ગ અકસ્માત અને ડૂબી જવાની અલગ અલગ ઘટનામાં બે બાળક સહિત 5ના મોત થયા છે.અમરેલીમાં સાવરકુંડલાના ભેંસણિયા ડેમમાં ત્રણ બાળક નાહવા પડતાં બે બાળક ડૂબી જતાં તેમના મોત થયા હતા.

અમારાં જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તરવૈયા અને ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી એક બાળકને બચાવી લીધો હતો. અકસ્માતના અલગ અલગ બનાવ બન્યાં હતા. જેમાં આણંદના

તારાપુર પાસે વટામણ હાઇવે પર સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિના મોત નીપજ્યા છે.સામસામે બે બાઈક અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો.

પંચમહાલના કાલોલમાં અંબાલા ચોકડી પાસે એક બાઇક ચાલક યુવાનને વાહન ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.આ યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

---

## IPL-CRICKET

આઈપીએલ ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે ચંદીગઢના મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે એલિમિનેટર મેચમાં ગુજરાત ટાઇટન્સને 20 રનથી હરાવીને ક્વોલિફાયર 2માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. પ્રથમ બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે તેમના નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 228 રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાત ટાઇટન્સ 6 વિકેટે 208 રન બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

---

## WORLD NO TOBACCO DAY

આજે "વિશ્વ તમાકુ નિષેધ દિવસ છે. તમાકુના ઉપયોગથી થતા સ્વાસ્થ્ય જોખમો જેવા કે કેન્સર , હૃદયરોગ અને શ્વસન સમસ્યાઓ વિશે લોકોને જાગૃત કરવા આ દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે ગુજરાતને તમાકુ મુક્ત " બનાવવા રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે.

**સાંભળીએ એક અહેવાલ..**

## વોઇસ કાસ્ટ: યશવી મહેતા

*રાજ્યમાં તમાકુ નિયંત્રણના ભંગ બદલ છેલ્લા બે વર્ષમાં 64 હજાર 575 ફરીયાદ નોંધી 99 લાખ રૂપિયાથી વધુનો દંડ વસુલાયો હોવાનું આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે. બાળક યુવાન થઈને કોઈપણ પ્રકારનું વ્યસન ન કરે તે માટે ગત બે વર્ષમાં તમામ જિલ્લાઓની 14 હજાર 179 શાળાઓના 15 લાખથી વધુ બાળકોને તમાકુના વ્યસનથી થતા નુકસાન અંગે જાગૃત કરાયા છે. તમાકુ નિયંત્રણ અને આવનારી પેઢીને આરોગ્ય , સામાજિક અને આર્થિક સંકટથી બચાવવા રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે.*

*યશવી મહેતા આકાશવાણી સમાચાર અમદાવાદ*

---

## CM - SWEDEN CONSULANT MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે ગુજરાત પ્રો-એક્ટીવ ગવર્નન્સ અને પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે દેશ અને દુનિયાના રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે.ગઇકાલે મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સ્યુલ જનરલ અને પ્રતિનીધી મંડળ સાથેની બેઠકમાં શ્રી પટેલે આમ જણાવ્યું.રાજ્ય સરકાર અને સ્વીડન વચ્ચે વિવિધ ક્ષેત્રે રોકાણો અને સહભાગીતાને પ્રોત્સાહન આપવાના ઉદેશ્યથી આ બેઠક યોજાઈ હતી. સ્વીડનના કોન્સ્યુલ જનરલ સ્વેન ઓસ્ટબર્ગે કહ્યું કે , ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે મળીને ૬૦ જેટલા સ્વીડિશ ઉદ્યોગ અને કંપનીઓ કાર્યરત છે જે અંદાજે ૧૧ હજાર લોકોને રોજગાર પૂરો પાડે છે. સ્વીડિશ કંપનીઓએ રાજ્ય સરકારના સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો,.

---

# GBU MOU ON CAR-T

ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને ખાનગી કંપની સેલિઇમ્યુન બાયોટેક પ્રાઇવેટ લિમિટેડ વચ્ચે રક્ત કેન્સરના દર્દીઓ માટે સ્વદેશી કાઇમેરિક એન્ટિજન રિસેપ્ટર ટી-સેલ ( CAR-T) થેરાપી વિકસાવવા સમજૂતી કરાર કરાયો છે.

CAR-T થેરાપીમાં દર્દીના પોતાના રોગપ્રતિકારક કોષને આનુવંશિક રીતે બદલવામાં આવે છે જે કેન્સર સામે અસરકારક રીતે લડી શકવામાં મદદરૂપ થાય છે. ભવિષ્યમાં, આ પદ્ધતિ અન્ય પ્રકારના કેન્સર માટે પણ આશાસ્પદ સાબિત થઈ શકે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારની અધ્યક્ષતામાં આ કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

---

# MORBI KHATAR

મોરબી રાજકોટ પંથકના ખેડૂતો માટે કૃભકો દ્વારા પચાસ હજાર ટન ખાતર સાથે શિપ આગામી દસ જૂને ગુજરાત આવશે.. આ ખાતર મળ્યાં બાદ મોરબી , રાજકોટ પંથકમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરાયેલી માર્ગદર્શિકા મુજબ ખાતરનું વિતરણ કરાશે.

આ ખાતર મળ્યાં બાદ સંબંધિત સેન્ટરમાં મંડળીઓમાં સરકારના નિયત જારી નિયમ મુજબ વહેચણી કરવામાં આવશે તેમ સહકારી અગ્રણી અને કૃભકો નાફેડ ના ડાયરેક્ટર મગનભાઈ વળાવિયાએ જણાવ્યું હતું..

## (બાઈટ – મનગલાલ વળાવિયા)

---